ફેકસઃ ૯૧–૦૨૬૧–૨૪૨૨૧૧૦
ટેલેક્ષ : ૦૧૮૮૨૫૧ SMC IN
ટેલીફોનનંબરઃ ૨૪૨૩૭૫૧–૫૬/
૨૪૨૨૨૮૫–૮૭
એક્ષ.:૪૭૦

સુરતમહાનગરપાલિકા,
મુગલીસરા,
સુરત–૩૯૫૦૦૩

નં. સુમન/મા. શાળા સેલ/૫૯૫
તારીખ : ૦૬ /૦૧/ ૨૦૧૪.

**અરજદાર** :– શ્રી વિનોદચંદ્ર વાઘેલા
**સામાવાળા** :– જાહેર માહિતી અધિકારીશ્રી સુમન હાઈસ્કુલ સેલ સુરત.

**ફરીયાદની હકીકત** :–

વિષય :– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી વિનોદચંદ્ર વાઘેલાની તા. ૦૧–૦૧–૨૦૧૪ની અરજીથી સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન શાળાઓમાં ફરજ બજાવતા અધ્યાપકો, આચાર્ય તથા કર્મચારીઓના નામ હોદ્દા તથા ગણવેશ, પ્રાઈવેટ ટયુશન, કોન્ટ્રાકટને લગતી વિવિધ બાબતોની માહિતી આપવા બાબત.
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૩–૦૧–૨૦૧૪ની અપીલ અરજી.

શ્રી વિનોદચંદ્ર વાઘેલાની તા.૨૩–૦૧–૨૦૧૪ની અરજીથી સુરત મહાનગરપાલિકા સંચાલિત સુમન શાળાઓમાં આપવામાં આવતી વિવિધ સગવડો તથા કોન્ટ્રાકટને લગતી માહિતી આપવા બાબતે સંતોષકારક જવાબ નથી તેવું જણાવી પુરી પાડવામાં આવેલ માહિતી અંગે નારાજ થઈ તા.૨૩–૦૧–૨૦૧૪ થી એપેલેટ ઓફિસરશ્રીને અપીલ કરવામાં આવેલ છે.

અરજદારની તા.૦૧–૦૧–૨૦૧૪ની અરજીથી મુદ્દા નં.૧ થી ૮ની માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ઈજનેર સેન્ટ્રલ ઝોન તરફથી સે.ઝોન/આર.ટી.આઈ./જાવક નં.૨૮૯૪, તા.૦૧–૦૧–૨૦૧૪થી (૧) ડે.ઈજનેરશ્રી હાઈડ્રોલીક વિભાગ, (૨) સેકશન ઓફિસરશ્રી સુમન હાઈસ્કુલ સેલ (૩) ઉપશાસના અધિકારીશ્રી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને તબદીલ કરવામાં આવેલ જે અત્રેના ખાતાને તા.૦૨–૦૧–૨૦૧૪ના રોજ અત્રેના ખાતાને મળેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર તરફથી નં.સુમન /મા.શાળા સેલ/૫૫૧, તા.૨૦–૦૧–૨૦૧૪ થી માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.૧ સુ.મ.પા.ના હાઈડ્રોલિક વિભાગમાં ફરજ બજાવતા અધિકારીઓ / કર્મચારીઓના નામ હોદ્દા, કર્મચારી નંબર, વિગેરેની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી – સદર મુદ્દો અત્રેના સુમન માધ્યમિક શાળા સેલને લાગતો નથી. તેવી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૨ પરિશિષ્ટ–૧માં દર્શાવેલ તમામ અધિકારીઓની છેલ્લા ૬ માસમાં કરેલ કામગીરીનો રીપોર્ટ અગર વતર્ણુકની નકલ આપશો.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી –સદર મુદ્દો અત્રેના સુમન માધ્યમિક શાળા સેલને લાગતો નથી. તેવી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૩ સુ.મ.પા.સંચાલિત શાળાઓમાં વિદ્યાર્થીઓને કઈ કઈ ભૌતિક, આર્થિક, સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. જેની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી – સુ.મ.પા.સંચાલિત સુમન હાઈસ્કુલોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સુવિધા યુકત બિલ્ડીગ હવા ઉજાસ વાળા ઓરડા, કોમ્પ્યુટર લેબ, પીવા માટે પ્યોરી ફાઈડ શુધ્ધ પાણી સહિતની ભૌતિક સુવિધા પ્રદાન કરવામાં આવે છે. જયારે આર્થિક કોઈ સુવિધાઓ આપવામાં આવતી નથી. તેવી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૪ સુ.મ.પા. સંચાલિત શાળાઓમાં ફરજ બજાવતા તમામ અધ્યાપકો, આચાર્ય તથા કર્મચારીઓના નામ, હોદ્દો, કર્મચારી નંબર વિગેરેની વિગતવાર માહિતી અને નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી – સુ.મ.પા.સંચાલિત શાળાઓમાં ફરજ બજાવતા આચાર્ય તથા કર્મચારીઓની તેમજ શિક્ષકોની માહિતી પત્રક આ સાથે સામેલ કરેલ છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૫ સુ.મ.પા. સંચાલિત શાળાઓના વિદ્યાર્થીઓને કયા કયા વિદ્યાર્થીઓને શાળા/ સરકાર ધ્વારા ગત વર્ષે ગણવેશ, પાઠયપુસ્તકો તથા અન્ય કઈ કઈ ચીજ વસ્તુઓનું મફત વિતરણ કરવામાં આવેલ છે. તેની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી – સુ.મ.પા.સંચાલિત સુમન હાઈસ્કુલોમાં કોઈપણ પ્રકારના ગણવેશ, પાઠયપુસ્તકોનું મફત વિતરણ કરવામાં આવેલ નથી.તેવી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૬,સુ.મ.પા. સંચાલિત શાળાઓમાં ફરજ બજાવતા કયા કયા શિક્ષકો અન્યત્ર પ્રાઈવેટ ટયુશન કરાવે છે. તે તમામ શિક્ષકો તથા પ્રાઈવેટ ટયુશન કલાસની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી – સુ.મ.પા. સંચાલિત શાળાઓ ખાતે નિયમાનુસાર ફરજ બજાવતા શિક્ષકો અન્યત્ર પ્રાઈવેટ ટયુશન કરાવતા નથી. જે અંગેના બાંહેધરી દર વર્ષે શિક્ષકો પાસેથી લેવામાં આવે છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૭ સુ.મ.પા. સંચાલિત શાળાઓ માટે મધ્યાહન ભોજન યોજના માટેના કોન્ટ્રાકટ કઈ સંસ્થા/વ્યકિતને આપવામાં આવેલ છે. જેની વિગત વાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી– સુ.મ.પા. સંચાલિત સુમન માધ્યમિક શાળામાં મધ્યાહન ભોજન આપવામાં આવતું નથી. જેથી આ માહિતી અત્રે લાગુ પડતુ

નથી.તેવી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૮ સુ.મ.પા. સંચાલિત શાળાઓમાં વિવિધ કામગીરી/ સુવિધાઓ માટે કઈ કઈ સંસ્થાઓ/ ટ્રસ્ટ/ કંપની/ વ્યકિતઓને કોન્ટ્રાકટ/ ઈજારો આપવામાં આવેલ છે. તે તમામ સંસ્થાના લાયસન્સ નંબર તથા કોન્ટ્રાકટ સંબંધી તમામ વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી – સુ.મ.પા.સંચાલિત શાળાઓમાં વિવિધ કામગીર પૈકી તમામ સુમન હાઈસ્કુલોની સફાઈની કામગીરી અર્થે (૧) હાઉસ કીપીગના ઈજારદારશ્રી કેશવ લેબર એન્ડ સીકયુરીટી સર્વિસ, સુરતને કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે. જેનો લાયસન્સ નં.એસ.ઈ.ઝેડ/એસ/૫રવત/ ૯૬૧૧૪૦ તથા (૨) તમામ સુમન હાઈસ્કુલોમાં કોમ્પ્યુટર ઈન્સ્ટ્રકટરો પુરા પાડવા માટે ઈજારદારશ્રી આકાર સી.એસ.એમ.એસ. ને કોન્ટ્રાકટ આપવામાં આવેલ છે. જેનો લાયસન્સ નં.વેસ્ટ ઝોન/સી/અડાજણ/ ૬૪૮ છે. તેવી માહિતી આપવામાં આવેલ છે.

જે બાબતે મુદ્દા નં.૪માં માહિતી અને નકલો મળેલ નથી તથા મુદ્દા નં.૬માં બાંહેધરી સામેલ નથી અને મુદ્દા નં.૮માં કોન્ટ્રાકટરને લગતા પેપર્સ પુરા પાડેલ નથી. તેવું જણાવી તા.૨૩–૦૧–૨૦૧૪નાં રોજ અપીલ અરજી કરેલ છે.

અરજદારે મુદ્દા નં.૪ અંગે કરેલી રજુઆત અનુસાર માહિતી પત્રક બીડેલ નથી. જે ઘ્યાને લેતા અરજદારને પત્રકની માહિતી પુરી પાડવાની રહે, મુદ્દા નં.૬ અંગે કરેલી રજુઆત અનુસાર સદર શિક્ષકોના બાંહેધરી પત્રકો આપેલ નથી. જે બાબતે અરજદારે અપીલ તબકકે મૂળ અરજીથી અલાયદી પુરક પ્રશ્ન ઉપસ્થિત કરી માહિતી માંગેલ છે. જે પુરી પાડવાની રહેતી નથી. મુદ્દા નં.૮ અંગે કરેલ રજુઆત અનુસાર કોન્ટ્રાકટર પેપર્સની નકલ પુરા પાડેલ નથી તેવું જણાવે છે પરંતુ મૂળ અરજીમાં ફકત માહિતી માંગેલ છે. જે પુરી પાડવામાં આવેલ છે. કોન્ટ્રાકટ સંબધિ કોઈ પેપર્સ કે નકલ માંગેલ ન હોય જે પુરા પાડવામાં આવેલ નથી.

**:: હુકમ ::–**

અરજદારની મૂળ અરજી અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ઘ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૧–૦૧–૨૦૧૪ની અરજીથી માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૪ની માહિતીનું પત્રક જે અરજદારને બીડવામાં આવેલ નથી. જે નહિ પુરી પડાયેલ માહિતી અરજદારને દિન–૦૭ (સાત)માં પુરી પાડવા જણાવવામાં આવે છે. તથા મુદ્દા નં.૬ તથા ૮ બાબતે અપીલ તબકકે મૂળ અરજીથી અલાયદા પુરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જે અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

**પ્રતિ,**
**(૧) જાહેર માહિતી અધિકારીશ્રી સુમન શાળા સેલ ..... જાણ તથા અમલ માટે**
**(૨) શ્રી વિનોદચંદ્ર વાઘેલા.**

(SD/-)
**(કે. ડી. નાયક)**
**અપીલ અધિકારી**
**અને વહીવટી અધિકારી**
**સુમન હાઈસ્કુલ સેલ**